ગાંધીનગર સમાચાર

કોરોના મહામારીને હરાવવા માટેના સ્માર્ટ હથિયારો

ચીનના વુહાન શહેરમાંથી ઉદભવેલા કોરોના વાયરસે આજે વિશ્વભરમાં કહેર મચાવ્યો છે, જેના કારણે ભારત સહિત વિશ્વના ૪૦ લાખ કરતા વધુ લોકો આ વાયરસથી સંક્રમિત થઈ ગયા છે તથા લગભગ ૩ લાખ જેટલા લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) ના જણાવ્યા મુજબ આ વાઈરસની રસી હજુ સુધી શોધી શકાઈ નથી. તેથી તેનાથી બચવુ અને સુરક્ષિત રહેવુ એ જ એક માત્ર ઉપાય છે. જ્યા સુધી કોરોના વાયરસ નો ઈલાજ મળે નહીં ત્યાં સુધી તે આપણી જિંદગીનો એક અંશ બનીને રહેશે. આ કડવી વાસ્તવિકતાને આપણે સ્વિકારવી પડશે તથા સતર્ક અને સાવધાનીથી નવેસરથી જિંદગીની શરૂઆત કરવી પડશે. કેટલાક આધુનિક ઉપકરણોની મદદથી આપણે આ અતિ ગંભીર કોરોના વાયરસને આપણાથી દૂર રાખી શકીએ છીએ.

આરોગ્ય સેતુ એપ્લિકેશન

ભારત સરકારે કોરોના વાયરસ (કોવિડ-૧૯) સંક્રમિતોને ટ્રેક કરવા તથા તેની જાગૃતિ માટે આરોગ્ય સેતુ નામની એક મોબાઇલ એપ્લિકેશન તૈયાર કરેલ છે. આ એપ્લિકેશન પહેલા કોરોના કવચ તરીકે ઓળખાતી હતી, જેમા નવા ફિચર્સ ઉમેરી આરોગ્ય સેતુ એપ નામથી લોન્ચ કરી. અત્યાર સુધીમાં આ એપ ૧૦ કરોડ કરતા વધુ લોકો ઈન્સ્ટોલ કરી ચુક્યા છે. આ એપના કેટલાક ફિચર્સ વિશે વાત કરીએ

Aarogya Setu
मैं सुरक्षित | हम सुरक्षित | भारत सुरक्षित

● આરોગ્ય સેતુ એપ ૨૨ જેટલી વિવિધ ભાષાઓમા ઉપલબ્ધ છે.

● આરોગ્ય સેતુ એપમાં સેલ્ફ એસેસમેન્ટ ટેસ્ટ નુ ફિચર્સ છે, જેમાં તાવ, ડાયાબિટીસ, ટ્રાવેલ હિસ્ટ્રી જેવા પ્રશ્નોના પ્રમાણિકતાથી જવાબ આપ્યા પછી તમે સેફ છો કે નહીં તેની જાણકારી મળે છે.

● આરોગ્ય સેતુ એપમા GPS અને BLUETOOTH ફરજિયાત ચાલુ રાખવું પડે છે.

● આરોગ્ય સેતુ એપમા GPS ની મદદથી તમારું લોકેશન ટ્રેસ થાય છે.

● આરોગ્ય સેતુ એપમા BLUETOOTH ની મદદથી કોરોના પેશન્ટ તમારાથી ૧૦ થી ૧૫ મિટરની નજીક હોય તો તરત જ એલર્ટ મળે છે.

● આરોગ્ય સેતુ એપ આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ અલ્ગોરિધમથી કામ કરે છે. તમે જ્યારે ઘરની બહાર નીકળો છો ત્યારે અનેક લોકોના સંપર્કમાં આવો છો. ભવિષ્યમાં આ સંપર્કમાં આવેલા વ્યક્તિઓમાંથી કોઈને કોરોના પોઝિટિવ આવે તો આ એપ તમને એલર્ટ કરે છે અને કોરોના ટેસ્ટ કરાવવા સૂચન કરે છે.

● આરોગ્ય સેતુ એપ તમે જ્યારે ઘરની બહાર નીકળો છો અને રસ્તમા હોટ્સ્પોટ એરીયા આવે તો રસ્તો બદલવાનું સૂચન પણ કરે છે.

● આરોગ્ય સેતુ એપની મદદથી કોરોના ટેસ્ટ કયા કયા થાય છે તેની જાણકારી મળી રહે છે.

● કોરોના વાયરસ વિશેની લેટેસ્ટ માહિતી આ એપ દ્વારા રોજે રોજ મળતી રહે છે.

● આરોગ્ય સેતુ એપ માં તમારો ડેટા ભારત સરકારના સુરક્ષિત પ્લેટફોર્મ પર સંગ્રહ થાય છે અને જ્યારે આ મહામારી પૂરી થશે ત્યારે તે ઓટોમેટિક નષ્ટ થઈ જશે.

ફેસ માસ્ક

ફેસ માસ્ક નો મુખ્ય ઉદ્દેશ્ય નાક અને મોં

ને ઢાંકવો જેથી વાયરસ કે અન્ય પ્રદૂષિત કણો શરીરમાં પ્રવેશે નહીં અને ગંભીર બીમારીનો ભોગ ન બનાય. માસ્ક વાયરસ ટ્રાંસમિશન ને નિયંત્રિત કરવા વપરાય છે. માસ્ક ના ઘણા પ્રકાર છે જેમ કે સિંગલ લેયર માસ્ક, થ્રી લેયર માસ્ક, સિક્સ લેયર માસ્ક, સર્જીકલ માસ્ક, N-95 માસ્ક. આ સર્વે માસ્કમાથી N-95 માસ્ક સર્વોત્તમ છે. પરંતુ તે દરેક સ્વસ્થ વ્યક્તિ એ પહેરવું જરૂરી નથી.

N-95 માસ્કની વિશેષતાઓ

● સૌપ્રથમ ૩સ કંપનીએ ૧૯૭૨માં N-95 માસ્ક બનાવ્યું હતું.

● N-95 માસ્ક હવામાં રહેલા ૯૫ % પાર્ટિકલ્સને ફિલ્ટર કરે છે તેથી તેને દ્ર-૯૫ માસ્ક કહેવામાં આવે છે.

● N-95 માસ્ક ચહેરા ને એકદમ ફિટ બેસે છે.

● N-95 માસ્ક સિન્થેટિક પોલિમર ફાઈબરથી ઓટોમેટીક મશીન માં બને છે.

● N-95 માસ્ક નો પાંચ વાર થી વધુ ઉપયોગ ન કરવો જોઈએ.

● N-95 માસ્ક માત્ર ડોક્ટર કે જેમણે સર્જીકલ પ્રોસિજર કરવાની છે, જે વ્યક્તિને કોરોના થયેલ છે, જે કોરોના પેશન્ટના સંપર્કમાં હોય તેમણે જ પહેરવુ જોઈએ.

ફેસ માસ્ક વાપરવાની રીત

● કોઈ પણ વ્યક્તિને જો શરદી કે કફ હોય તો તેમણે ફેસ માસ્ક અવશ્ય પહેરવું.

● ફેસ માસ્ક આલ્કોહોલવાળા લિક્વિડ કે સાબુ દ્વારા સ્વચ્છ પાણીથી હાથ ધોઈને પછી પહેરવુ.

● ફેસ માસ્ક દોરી પકડી પાછળથી કાઢવું અને આગળના ભાગથી સ્પર્શ ન કરવો.

● ફેસ માસ્ક વાપર્યા પછી રિયુઝ ન કરવું અને યોગ્ય જગ્યાએ ડિસ્પોઝ કરવું.

● ફેસ માસ્ક ડિસ્પોઝ કર્યા પછી તરત જ આલ્કોહોલવાળા લિક્વિડ કે સાબુથી હાથ ધોઈ નાખવા.

હેન્ડ સેનિટાઇઝર

હેન્ડ સેનિટાઈઝર એ પ્રવાહી જેલ છે, જે હાથ ઉપર ચોટેલા ચેપી વાયરસ અને બેક્ટેરિયાને ખતમ કરે છે. તેમા આલ્કોહોલનું પ્રમાણ હોવાથી સાબુ કે પાણી કરતા વધુ સારી રીતે હાથની સફાઈ કરી શકે છે. જે હેન્ડ સેનિટાઈઝરમા ૬૦ થી ૯૫ ટકા આલ્કોહોલ છે તે સૌથી વધુ અસરકારક હોય છે. હેન્ડ સેનિટાઈઝરમા ત્વચાને સૂકવવાથી બચાવવા ગ્લિસરીન તથા સુગંધિત દ્રવ્યો ઉમેરવામાં આવે છે. આલ્કોહોલ આધરિત હેન્ડ સેનિટાઈઝર એન્ટિસેપ્ટિક તરીકે નું પણ કામ કરે છે.

હેન્ડ સેનિટાઇઝર વાપરવાની રીતઃ

● હાથની હથેળીમાં થોડુ હેન્ડ સેનિટાઈઝર લઈ બંને હાથની હથેળીઓ બરાબર ઘસવી.

● હાથની બધી આંગળીઓની વચ્ચે, ઉપર તથા નીચેની સપાટીએ ઘસવું.

● હેન્ડ સેનિટાઈઝર જ્વલનશીલ હોવાથી આગથી દૂર રાખવું.

● હેન્ડ સેનિટાઈઝરને બાળકોની પહોંચથી દૂર રાખો.

● હેન્ડ સેનિટાઈઝરનો ઉપયોગ કર્યા પછી તરત જ તમારી આંખો, મોં અને નાકને સ્પર્શ કરવાનું ટાળો, કારણ કે તેનાથી બળતરા થઈ શકે છે.

કોરોના વાયરસ (કોવિડ-૧૯) થી સુરક્ષિત રહેવા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા કરવમા આવેલા કેટલાક સુચનો

● તમારા હાથને સાબુ અને પાણીથી ધોવા અથવા આલ્કોહોલ આધારિત હેન્ડ સેનિટાઈઝરનો ઉપયોગ કરવો.

● તમારી જાત અને અન્ય લોકો વચ્ચે ઓછામાં ઓછું ૧ મીટર (૩ ફુટ) અંતર જાળવો.

● ભીડભાડવાળા સ્થળોએ જવાનું ટાળો

● આંખો, નાક અને મો ને સ્પર્શ કરવાનું ટાળો.

● જો તમને તાવ, ઉધરસ અને શ્વાસ લેવામાં તકલીફ હોય, તો તબીબી સહાય મેળવવી.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા કોરોના વાયરસ ને લઈને કરવામા આવેલ કેટલીક માન્યતાઓની સ્પષ્ટતા

● કોરોના વાયરસ ની સારવાર અને નિયંત્રણ માટે હાલમાં કોઈ દવાઓનો પરવાનો નથી.

● તમારા ભોજનમાં વધુ પડતા મરીમસાલા ઉમેરવાથી કોરોના વાયરસ ને રોકી શકાતો નથી.

● કોરોના વાયરસ માખીઓ દ્વારા ફેલાતો નથી.

● તમારા શરીર ઉપર બ્લીચ અથવા અન્ય જીવાણુનાશક દવા છાંટવાથી કોરોના વાયરસ સામે રક્ષણ મળતુ નથી.

● મિથેનોલ, ઈથેનોલ અથવા બ્લીચ પીવાથી કોરોના વાયરસ ને રોકી શકાતો નથી આવુ કરવુ તે ખૂબ જોખમી છે.

● 5-G મોબાઈલ નેટવર્ક્સ કોરોના વાયરસ ફેલાવતા નથી.

● પોતાને સૂર્ય અથવા ૨૫ સે ડિગ્રી કરતા વધારે તાપમાનમાં લાવવાથી કોરોના વાયરસ સામે રક્ષણ મળતુ નથી.

● તમે કોરોના વાયરસથી સ્વસ્થ થઈ શકો છો.

● તમે તમારા શ્વાસ ને ૧૦ સેકંડ કે તેથી વધુ સમય સુધી ઉધરસ વગર રોકી શકો એનો અર્થ એ નથી કે તમે કોરોના વાયરસથી મુક્ત છો.

● આલ્કોહોલ પીવાથી તમને કોરોના વાયરસ સામે રક્ષણ મળતુ નથી.

● ગરમ અને ભેજવાળા વાતાવરણવાળા વિસ્તારોમાં કોરોના વાયરસ ફેલાય છે.

● ઠંડા હવામાન અને બરફવર્ષા કોરોના વાયરસને મારી શકતા નથી.

● ગરમ પાણીમા સ્નાન કરવાથી કોરોના વાયરસ રોકી શકાતો નથી.

● કોરોના વાયરસ મચ્છરના કરડવાથી ફેલાતો નથી.

● કોરોના વાયરસથી બચવા તમારા હાથ અથવા ત્વચાના અન્ય ભાગો માટે અલ્ટ્રા વાયોલેટ (યુવી) લેમ્પ્સનો ઉપયોગ કરવો નહી.

● થર્મલ સ્કેનર્સ કોરોના વાયરસ શોધી શકતા નથી.

● ન્યુમોનિયા સામેની રસી કોરોના વાયરસ સામે રક્ષણ આપતી નથી.

ભલે કોરોના વાયરસની કોઈ દવા ના હોય પરંતુ થોડી કાળજી લેવાથી તેનાથી બચી જરૂર શકાય છે.

- જિગર બારોટ

કોરોના મહામારીથી ગુજરાત સહિત દેશ-દુનિયાના લોકો મુક્ત થાય તેવી પ્રાર્થના - અર્ચના કરતા મુખ્યમંત્રી

શનિવારે ગાંધીનગર મુખ્યમંત્રી નિવાસ સ્થાનેથી ભગવાન સોમનાથ મંદિરમાં વિડીયો કોલીગથી ઇ-સંકલ્પ દ્વારા સૌના મંગલ-કલ્યાણ-આરોગ્ય સુખાકારીની પ્રાર્થના કરતા વિજયભાઇ રૂપાણી

ગાંધીનગર, તા. ૧૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વૈશ્વિક મહામારી કોરોનાના કહેરથી ગુજરાત સહિત દેશ-દુનિયાના સૌ કોઈ ત્વરાએ મુક્ત થાય તેવી પ્રાર્થના અર્ચના ભગવાન સોમનાથ દાદાના ચરણોમાં વિડીયો કોલીંગ ઈ-સંકલ્પથી કરી હતી.

મુખ્યમંત્રીએ શનિવારે સવારે ગાંધીનગરમાં મુખ્યમંત્રી નિવાસ સ્થાનેથી વિડીયો કોલીંગ કરીને સોમનાથ દાદાના ચરણોમાં શીશ ઝૂકાવી પૂજન અર્ચન અને ઈ-સંકલ્પ કર્યા હતા.

તેમણે કોરોનાની આ મહામારીમાંથી સમગ્ર માનવજાત ત્વરાએ મુક્ત થાય તેમજ ગુજરાત સહિત દેશમાં જનજીવન ઝડપથી પૂર્વવત થાય અને સૌની આરોગ્ય સુખાકારી જળવાઈ રહે, સ્વાસ્થ્ય સારૂં રહે તેવી વાંચ્છના પણ આ વિડીયો કોલીંગ ઈ-સંકલ્પ વેળાએ સોમનાથ ભગવાન સમક્ષ પ્રાર્થનાથી કરી હતી.

આરાધના વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ, વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા ઓનલાઈન ક્લાસ

આરાધના વિદ્યાવિહાર અગ્રેજી માધ્યમ, વદ ઇન્ટરનશનલ સ્કૂલ અને કામેશ્વર વિદ્યામંદિર, વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસના નેજા હેઠળ કોવિડ - ૧૯ લોકડાઉન વચ્ચે શાળાઓ બંધ હોવાને કારણે ઊભા થયેલા શૈક્ષણિક અંતરને પહોંચી વળવા માટે ઓનલાઈન લાઈવ ક્લાસીસ શરૂ કર્યા છે. બાળકા તમના શાળા સાથ જાડાયા છ અન ટકનાલાજીના માધ્યમથા અભ્યાસ કરે છે. આ ઘણું જરૂરી પગલું ભરવામાં કલાકોનાં આયોજન અને સખત મેહનત લાગી હતી. અહીં વિદ્યાર્થીઓ અને શિક્ષકોના નવા અનુભવનો આનંદ માણી રહેલા ખુશ ચહેરાઓની ઝલક છે.



યુક્તા અનિલકુમાર મિશ્રાએ પિતાને સતત કામ કરતા જોઈ કોરોના વિષય પર ચિત્ર દોર્યું

ગાંધીનગરમાં લોકડાઉનની પરિસ્થિતિ વચ્ચે પણ અમુક સેવાઓ સતત ચાલતી રહે છે. ડૉક્ટરો, પોલીસ, પેરા મેડિકલ સ્ટાફ સહિતના કોરોના વોરિયર્સ સતત ડ્યુટી બજાવી રહ્યા છે. ૧૦૮ સેવામાં કામ કરી રહેલા કર્મયોગીની દીકરી યુક્તા અનિલકુમાર મિશ્રાએ પિતાને સતત કામ કરતા જોઈ કોરોના વિષય ઉપર ચિત્ર દોર્યું હતું. માત્ર પેન્સિલ કલરના ઉપયોગથી તેણે બનાવેલું ચિત્ર ખૂબ જ સુંદર દેખાઈ રહ્યું છે.

મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા દ્વારા કવિ સંમેલન યોજાયું

મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર ના પ્રમુખ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ કવિ લેખક અને અનુવાદક તથા સામાજિક કાર્યકર દ્વારા ઑન લાઈન ગુજરાતી કવિ સંમેલન તારીખ ૧૫ મે ૨૦૨૦ ના રોજ યોજવામાં આવ્યું હતું જેનું ઉદઘાટન જાણીતા પ્રસિધ્ધ સાહિત્યકાર શ્રી કેશુભાઈ દેસાઈના કર કામળોથી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાનગર ગાંધીનગરના ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, 'દાસ' મુખ્ય અતિથિ તરીકે ગુજરાતી સાહિત્ય સંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા. આ બંને મહાનુભાવો એ સંસ્થાના અધ્યક્ષ ડૉ ગુલાબચંદ પટેલ અને અન્ય પદાધિકારીઓની લોકડાઉનમાં કરવામાં આવતી આ સુંદર કામગીરીને બિરદાવી હતી. આ કાર્યક્રમનું સંચાલન ઉપાધ્યક્ષ રમેશભાઈ મૂલ વાણી દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સરસ્વતી વંદના જાણીતા એડવોકેટ સોનલબેન બ્રહ્મભટ્ટ કલોલ દ્વારા કરવામાં આવી હતી. કવિ સંમેલનમાં ગુજરાત અને ભારતના અન્ય પ્રદેશોમાંથી પણ કવિઓ જોડાઈને પોતાની રચનાઓ પ્રસ્તુત કરી હતી. કુલ મળીને ૬૧ જેટલા કવિઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.આ સંસ્થાના પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ, રમેશ ભાઈ મૂલ વાણી ઉપાધ્યક્ષ તથા એડવોકેટ કાનૂની સલાહકાર કાંતિભાઈ પટેલ અને તેમના ધર્મ પત્ની શ્રીમતી વિમલા બેન પટેલ શિક્ષિકા દ્વારા પોતાની કવિતા ઓ રજૂ કરવામાં આવી હતી.

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરની ઓનલાઈન ગર્વનર્સ ઓફિસયલ વિઝીટ યોજાઈ

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા એક કાયમી પ્રોજેક્ટ શરૂ કરવામાં આવે : ડીસ્ટ્રીક્ટ ગર્વનર શ્રીમતી બિનાબેન દેસાઈ

ગાંધીનગર, તા. ૧૬

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરની ગર્વનર્સ ઓફિસયલ વિઝીટ ઝૂમના માધ્યમથી ઓનલાઈન તા ૧૫ મે, ૨૦૨૦ના રોજ યોજાઈ.

આ ઓનલાઈન મિટીંગની શરૂઆત સુશ્રી જયશ્રીબેન ખેતિયાએ સુંદર પ્રાર્થના થકી કરાવી. રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પ્રમુખ શ્રી ડો. અંકુર પરમારે પોતાના આવકાર પ્રવચનમાં સૌને આવકારીને મિટીંગમાં જોડાવા બદલ સૌનો આભાર માનેલ. ત્યાર બાદ સંસ્થાના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ શ્રી ડો. એસ. કે. નંદા (નિવૃત્ત આઈએએસ), શ્રી અરવિંદભાઈ રાણા, શ્રી યુવરાજસિંહ વાઘેલા, શ્રી ડો. વિપુલ ચૌહાણ દ્વારા પોતાના ક્ષેત્રમાં કરેલ કાર્યોનો ચિતાર રજૂ કરેલ.

ત્યાર બાદ સંસ્થાના સેક્રેટરી શ્રી પાર્થ ઠક્કર દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન કરવામાં આવેલા કાર્યોનું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું. સંસ્થા દ્વારા અનેક વિધ ક્ષેત્રમાં કરેલા સેવા કાર્યોની તસ્વીરો સાથેની નોંધ રજૂ કરવામાં આવી જેને ડીસ્ટ્રીક્ટ ગર્વનર શ્રીમતી બિનાબેન દેસાઈ તેમજ આસી. ગર્વનર શ્રી ઉર્મિલભાઈ વેદ દ્વારા આવકારવામાં આવેલ.

રોટરી ક્લબ ડીસ્ટ્રીક્ટ ૩૦૫૪ના આસી. ગર્વનર શ્રી ઉર્મિલભાઈ વેદ દ્વારા પ્રસંગોચિત ઉદ્બોધનમાં સંસ્થાના કાર્યોની સરાહના કરીને પોતાના અનુભવના આધારે સંસ્થાએ હજુ પણ જે કાર્યોમાં સવિશેષ કાર્યોની જરુર છે તે અંગે માર્ગદર્શન આપેલ. રોટરી ઈન્ટરનેશલની અનેક ગતિવિધિઓની પણ તેમણે માહિતી પૂરી પાડેલ.

રોટરી ક્લબ ડીસ્ટ્રીક્ટ ૩૦૫૪ના ગર્વનર શ્રીમતી બિનાબેન દેસાઈ દ્વારા પણ સંસ્થાના કાર્યો પ્રત્યે પોતાની પ્રશંસા દાખવી આગામી વર્ષે પણ સંસ્થા આનાથી વધુ જોમ-જુસ્સાથી કાર્ય કરે તેમ જણાવેલ. તેમણે સંસ્થાને પરમેનન્ટ લોંગ ટર્મ કાર્યક્રમની શરૂઆત કરવા અનુરોધ કરેલ. રોટરી ઈન્ટરનેશનલ દ્વારા ફોકસ કરાયેલ છ ફોકસ એરિયાના દરેક એરિયા પ્રત્યે ધ્યાન આપવા જણાવેલ. ખાસ કરીને લીટર્સી મિશન ઉપર વધારે ફોકસ કરવા જણાવેલ. રોટરી ઈન્ટરનેશનલ દ્વારા અનેક વિધ ઉત્કૃષ્ટ કાર્યો તેમજ સુવિધા આપવામાં આવે છે જેનો લાભ લેવા અને કોરોના અંગેની ગ્લોબલ ગ્રાંટ લેવા માટે પણ અનુરોધ કર્યો હતો

ગર્વનર્સ ઓફિસયલ વિઝીટની ઓનલાઈન મિટીગમાં રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના અન્ય સદસ્યો ઈલે. પ્રેસીડન્ટ શ્રીમતી ઈલાબેન વોરા, જોઈન્ટ સેક્રેટરી હસમુખભાઈ મેકવાન, ક્લબ એડમીનીસ્ટ્રેશન હેડ સુશ્રી મિતાબેન ઉપાધ્યાય, વાઈસ પ્રેસીડન્ટ ચંદ્રપ્રકાશ શર્મા, સદસ્ય શ્રીમતી અમીબેન શાહ, નરેશભાઈ પ્રજાપતિ, સંજયભાઈ ખખ્ખર, શ્રીમતી સોનાલીબેન પરમાર ખાસ ઉપસ્થિત રહેલ. આભાર વિધિ સંસ્થાના ટ્રેઝરર શ્રી મનોજભાઈ સરૈયા દ્વારા કરવામાં આવી હતી.

ડાયરેક્ટ સે

આ 'મારા' અને આ 'મારી' એની જ છે બધે 'મારામારી...'

જન્મદિને વધામણી

રાકેશ ભ્રહ્મભટ્ટ

કેતનભાઈ ધોળુ
બિલ્ડર્સ, ટ્રસ્ટી સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

કમલેશ શાહ
ગ્રીન સિટી કુરિયર
મો. ૯૯૭૮૮ ૮૩૪૬૬

રંજનબેન તેજપાલ ગાંધી
મો. ૯૧૦૪૧ ૫૯૫૩૧

મહેશભાઈ ડી પટેલ

ડો. કૌશલ એચ શાહ
મો. ૯૪૨૬૭ ૫૯૨૮૦

સાની કાદરી
મો. ૯૭૧૪૦ ૪૨૫૧૫



ખેવના
મહેન્દ્રભાઈ મકવાણા

આર્યા
વિનયકુમાર પરમાર